FRIDAY
15-12-2017
Volume : 14 * Issue :342
Page : 4 * Price : Rs. 2.00
તંત્રી શ્રી : લાયન ડો.યાસીન પોલરા

હોટલ હિલટોપ
લલીતા ટાવર, વડોદરા

# યથાર્થ
(એક હકીકત)
વડોદરા, છોટાઉદેપુર અને પાલનપુરથી એક સાથે પ્રસિદ્ધ થતું દૈનિક
RNI No:- GUJGUJ/2002/07143 | :No.9428650287 / 7405063809 | : (0265)2311600 | Web :- www.yatharthnews.com | Email:- yatharthnews@gamil.com | @Po.Reg:RO-VDR-(W)233

### ગુજરાતના લઘુ અને મધ્યમ અખબારો(S&MNP) અને ગુજરાતી ન્યુઝ સર્વિસ (GNS)નો સર્વે

# એકઝીટ પોલમાં ભાજપને ઝટકો.., રાજયમાં કોંગ્રેસની સત્તાના એંધાણ

**પ્રથમ ચરણ મતદાન, 89 વિધાનસભા ક્ષેત્ર**

| ક્રમ | જીલ્લો | વિધાનસભા ક્ષેત્ર | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|---|---|
| 1 | કચ્છ | 6 | 3 | 3 | 0 |
| 2 | સુરેન્દ્રનગર | 5 | 2 | 3 | 0 |
| 3 | મોરબી | 3 | 0 | 3 | 0 |
| 4 | રાજકોટ | 8 | 4 | 4 | 0 |
| 5 | જામનગર | 5 | 3 | 2 | 0 |
| 6 | દેવભૂમિ દ્વારકા | 2 | 1 | 1 | 0 |
| 7 | પોરબંદર | 2 | 0 | 1 | 1 |
| 8 | જુનાગઢ | 5 | 2 | 3 | 0 |
| 9 | ગીર સોમનાથ | 4 | 1 | 3 | 0 |
| 10 | અમરેલી | 5 | 2 | 3 | 0 |
| 11 | ભાવનગર | 7 | 4 | 3 | 0 |
| 12 | બોટાદ | 2 | 1 | 1 | 0 |
| 13 | નર્મદા | 2 | 0 | 1 | 1 |
| 14 | ભરુચ | 5 | 3 | 1 | 1 |
| 15 | સુરત | 16 | 10 | 6 | 0 |
| 16 | તાપી | 2 | 0 | 2 | 0 |
| 17 | ડાંગ | 1 | 0 | 1 | 0 |
| 18 | નવસારી | 4 | 3 | 1 | 0 |
| 19 | વલસાડ | 5 | 3 | 2 | 0 |
| | કુલ | 89 | 37/41 | 45/48 | 4/3 |

**બીજા ચરણ મતદાન, 93 વિધાનસભા ક્ષેત્ર**

| ક્રમ | જીલ્લો | વિધાનસભા ક્ષેત્ર | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|---|---|
| 1 | અમદાવાદ | 21 | 13 | 8 | 0 |
| 2 | બનાસકાંઠા | 9 | 3 | 6 | 0 |
| 3 | પાટણ | 4 | 1 | 3 | 0 |
| 4 | મહેસાણા | 7 | 2 | 5 | 0 |
| 5 | સાબરકાંઠા | 4 | 2 | 2 | 0 |
| 6 | અરવલ્લી | 3 | 2 | 1 | 0 |
| 7 | ગાંધીનગર | 5 | 2 | 3 | 0 |
| 8 | આણંદ | 7 | 2 | 4 | 1 |
| 9 | ખેડા | 6 | 2 | 4 | 0 |
| 10 | મહિસાગર | 3 | 2 | 1 | 0 |
| 11 | પંચમહાલ | 5 | 2 | 3 | 0 |
| 12 | દાહોદ | 6 | 2 | 4 | 0 |
| 13 | વડોદરા | 10 | 7 | 3 | 0 |
| 14 | છોટાઉદેપુર | 3 | 1 | 2 | 0 |
| | Total | 93 | 41/43 | 49/50 | 1/2 |




ગાંધીનગર , ૧૪

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીની મતદાન પ્રકીયા હવે પુર્ણ થઈ છે ત્યારે ગુજરાતના લઘુ અને મધ્યમ અખબારો(S&MNP) અને ગુજરાતી ન્યુઝ સર્વિસ (GNS) દ્વારા એક સર્વે કરી એક એકઝીટ પોલ તૈયાર કરવામાં આવ્યો છે. જે રાજયના જીલ્લા સ્તરના અખબારોના તંત્રીશ્રીઓ તેમજ મતદાન સમયે ફીલ્ડમાં રીપોર્ટીંગ કરતા પત્રકારો દ્વારા કરવામાં આવેલા વિશ્લેષણના આધારે તૈયાર કરાયો છે. S&MNP અને GNSના આ એકઝીટ પોલના આ સર્વેક્ષણમાં ૨૨ વર્ષથી શાસનની ધૂરા સંભાળી રહેલી ભારતીય જનતા પાર્ટીને ભારે ઝાટકો લાગવાની શક્યતા છે. જ્યારે જીએનએસ અને ગુજરાતના નાના તેમજ મધ્યમ કક્ષાના સમાચારપત્રો દ્વારા કરવામાં આવેલા એકઝીટ પોલમાં કોંગ્રેસ સત્તાથી વધુ નિકટ જતું જણાઈ રહ્યું છે. જે ભાજપા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે ચિંતાજનક સમાચાર છે. S&MNP અને GNSના સંયુક્ત એકઝીટ પોલ અનુસાર ગુજરાતમાં ભાજપા ૨૨ વર્ષ પછી સત્તા ગુમાવી શકે છે, કોંગ્રેસને ૪૭ જ્યારે ભાજપાને ૪૧ ટકા અને અન્યોના ખાતામાં ૧૨ ટકા મત જવાનું અનુમાન છે. આ સરવે અનુસાર ૧૮૨ સભ્યો ધરાવતી ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસને કુલ ૯૪ થી ૯૮ બેઠકો મળવાની શક્યતા છે, જ્યારે ભાજપાના ખાતે ૭૮ થી ૮૪ બેઠકો જતી જણાઈ રહી છે. અન્યોના ખાતે ૪ થી ૬ બેઠકો જવાની શક્યતા છે. સરેરાશ જોતાં કોંગ્રેસને લગભગ ૯૫, ભાજપાને ૮૨ અને અન્યોને ૫ બેઠકો મળતી જણાય છે. આમ કોંગ્રેસ નજીવી સરસાઈથી ગુજરાતમાં સરકાર બનાવતી જણાઈ રહી છે. આ સરવે અનુસાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આર્થિક સુધારથી ગુજરાતના વેપારી ખુશ નથી. સરવેમાં જણાવવામાં આવ્યું છે કે જીએસટી અને નોટબંધીને કારણે ગુજરાતના વેપારીઓ નારાજ છે અને મોટા ભાગના વેપારીઓ કોંગ્રેસની તરફેણમાં ચાલ્યા ગયા છે. જીએસટીના દરોમાં કરવામાં આવેલા બદલાવથી પણ વેપારીઓ ખુશ નથી. આ ચૂંટણીમાં ભાજપા તરફી મતદાન કરનારા વેપારીઓની સંખ્યામાં ત્રણ થી પાંચ ટકાનો ઘટાડો નોંધાયો છે, જ્યારે આ મામલે કોંગ્રેસને ચાર ટકાનો લાભ મળતો દેખાઈ રહ્યો છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી ૧૮૨ સીટો પર યોજાઈ હતી અને આ ચૂંટણીમાં જેડીયુથી છુટા પડી અલગ પાર્ટીના નામે ચુંટણી લડનાર છોટુભાઈ વસાવાને બે સીટ મળવાની આશા હોવાનું આ સર્વેમાં જણાવવામાં આવ્યું છે. જ્યારે બે એનસીપી અને બે અપક્ષને મળવાનું પણ દર્શાવવામાં આવ્યું છે. S&MNP અને GNSના એકઝીટ પોલમાં મળેલા તારણ અનુસાર પ્રથમ ચરણના પાટીદાર સમાજના પ્રભુત્વ વાળા સૌરાષ્ટ્ર-કચ્છ તેમજ સુરત સહિતના દ.ગુજરાતમાં પાટીદાર આંદોલના કન્વીનર હાર્દિક પટેલે પોતાની સભાઓ દ્વારા કરેલા ભાજપ વિરોધી પ્રચારની અસર જોવા મળી હતી જેને કારણે ભાજપને ૮૯માંથી ૪૨ સીટ જ મળવાનું અનુમાન લગાવવામાં આવ્યું છે. જ્યારે બીજા ચરણની ૯૩ સીટમાં ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના અમદાવાદ ગાંધીનગર જેવા શહેરી વિસ્તારોમાં પણ ભાજપને નોંધપાત્ર નુકશાન પહોંચવાની શક્યતાઓ સેવાઈ રહી છે. જેને કારણે અહીં પણ ૯૩ માંથી ૪૩ સીટોથી જ ભાજપે સંતોષ માનવો પડે તેવી સ્થિતી છે. આ સર્વેમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે, ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં ૫૭ ટકાથી વધુ મતદારોમાં સરકાર વિરોધી અસર જોવા મળી હતી. એકઝીટ પોલમાં એવું પણ નોંધવામાં આવ્યું છે કે, આ વખતની ચૂંટણમાં ભાજપના વિકાસ નારાની અસર પણ ખાસ જોવા મળી નહીં. માત્ર ૧૫ ટકા મતદારોમાં તેમની પોઝેટીવ અસર જોવા મળી હતી છે. બીજી તરફ સેક્સ સીડી જાહેર થયા બાદ પાટીદાર નેતા હાર્દિક પટેલની તેના સમાજમાં લોકપ્રિયતામાં ઘટાડો થવાના બદલે વધારો નોંધાયો હતો. જે ભાજપ માટે બાઉન્સબેલ સાબિત થયું હતું. સવર્ણો સમાજ પણ મહદઅંશે ભાજપથી નારાજ હોઈ મોટાભાગના સવર્ણો મતદાનથી અળગા રહ્યા હોવોનું અનુંમાન છે જેને કારણે પણ ભાજપના મતોમાં ગાબડું પડ્યું છે.

## ગુજરાતમાં ભાજપની સરકાર બનશે મોટા ભાગના એકઝીટ પોલમાં તારણ...

ગાંધીનગર , ૧૪

ગુજરાત વિધાનસભાની શનિવારે પ્રથમ તબક્કાની ચુંટણી યોજાયા બાદ આજે બીજા તબક્કાનું મતદાન પણ શાંતીપુર્ણ પુર્ણ થયા બાદ આજે સાંજે તમામ એકઝીટ પોલમાં ભાજપની સરકાર બનશે તેમ જણાવાયું છે. જેમાં ટાઈમ્સ નાઉના એકઝીટ પોલમાં જણાવાયું છે કે, ભાજપને ૧૮૯ બેઠકોમાંથી ૧૦૯ કોંગ્રેસને ૭૦ અને અન્યને ૩, જયારે એબીપી સીએસબીએસના એકઝીટ પોલમાં ભાજપને સૌરાષ્ટ્ર–કચ્છની ૫૪ બેઠકોમાંથી ૩૪ બેઠકો મળશે જયારે કોંગ્રેસને ૧૯ અને અન્યને એક બેઠક મળશે. ઈન્ડીયા ન્યુઝના એકઝીટ પોલમાં જણાવાયું છે કે ભાજપને ૧૧૦ થી ૧૨૦ અને કોંગ્રેસને ૬૫ થી ૭૫ તથા અન્યને ૨ થી ૪ બેઠકો મળશે. જયારે ન્યુઝ સી વોટરના એકઝીટ પોલમાં ભાજપને ૧૦૮ કોંગ્રેસને ૭૪ અને અન્યને એક પણ બેઠક નહિ મળે તેવું જણાવાયું છે. આજે સાંજે જુદા–જુદા પાંચ એકઝીટ પોલના તારણોમાં જાણવા મળ્યું છે કે ગુજરાતમાં ભાજપની સરકાર બનશે.

### રાણીપમાં આવેલ નિશાન સ્કૂલમાં મતદાન કર્યું, મોટાભાઈને લાગ્યા પગે

## કૉમનમેનની જેમ લાઈનમાં ઊભા રહી વડાપ્રધાને મતાધિકારનો ઉપયોગ કર્યો

અમદાવાદ , ૧૪

ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં છેલ્લાં તબક્કાના વોટિંગ દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ પોતાનો મત આપ્યો. પીએમ વોટ આપવા માટે દિલ્હીથી ગુજરાત પહોંચ્યા હતા. પીએમ એ લાઈનમાં ઉભા રહી કોમનમેનની જેમ વોટ આપ્યો હતો. વોટ આપ્યા બાદ પીએમ જ્યારે શાહી લગાવીને આંગળી દેખાડવા બુથમાંથી બહાર નીકળ્યા તો ત્યાં હાજર સામાન્ય પ્રજાએ મોદી-મોદીના નારા લગાવ્યા હતા. વોટ આપ્યા બાદ પીએમ એ પોતાના મોટાભાઈના ચરણસ્પર્શ કરી આશીર્વાદ પણ લીધા હતા. પીએમએ સાબરમતીના રાણીપ વિસ્તારના બુથ નંબર ૧૧૫ પર મત આપ્યો. લોકોને પહેલેથી જ ખબર હતી કે પીએમ મોદી



રાણીપમાં મત આપવા પહોંચશે. તેના લીધે પોલિંગ બુથની આસપાસ મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યાં હતા. પીએમ મોદીએ વોટ આપ્યા બાદ બહાર નીકળ્યા તો લોકોનું અભિવાદન ઝીલવાનું શરૂ કરી દીધું હતું. પોલિંગ બુથની બહાર જ પીએમ મોદીના મોટાભાઈ સોમ મોદી પણ બીજા લોકોની સાથે ઉભા હતા. પીએમ મોદીએ મોટાભાઈને પગે લાગી તેમના આશીર્વાદ લીધા હતા. ત્યારબાદ આંગળીમાં લાગેલી શાહીને દેખાડતા પીએમ મોદી ત્યાં હાજર લોકોની ભીડ તરફ આગળ વધ્યા.

## બીજા તબક્કામાં સરેરાશ ૬૮.૭૦ ટકા મતદાન, ૧૮મીએ પરિણામ

ગાંધીનગર , ૧૪

આજે ગુજરાત વિધાનસભાના બીજા તબક્કાની ચૂંટણી માટે મતદાન યોજાઈ રહ્યું છે. પહેલા તબક્કાનું મતદાન ૯મી ડિસેમ્બરે પૂર્ણ થયું હતું. ૮૯ બેઠકો પર થયેલા મતદાન બાદ કોંગ્રેસ અને ભાજપ પોતાની જીતના દાવા કર્યા હતાં. હજુ સુધી મતદારોનો મૂડ કોઈ પાર્ટી કે રાજકીય વિશ્લેષકો પારખી શક્યા નથી. ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં બીજા તબક્કા માટે ૧૪ જિલ્લાની ૯૩ બેઠકો પર આજે મતદાન કરવામાં આવ્યું. જેમાં અંદાજે સરેરાશ ૬૫ ટકા મતદાન થયું છે. જેમાં સૌથી વધુ મતદાન સાબરકાંઠામાં ૭૦.૬૧ ટકા જ્યારે સૌથી ઓછું મતદાન દાહોદમાં ૫૩.૮૫ ટકા નોંધાયું છે. અમદાવાદમાં સરેરાશ ૫૭.૫૬ ટકા મતદાન નોંધાયું છે. આજે બપોરે વડાપ્રધાન મોદીએ રાણીપથી, એલ.કે.અડવાણી જમાલપુર ખાડીયાથી, પુર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ઘાટલોડીયાથી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે કડીથી, નાણામંત્રી અરૂણ જેટલી ઉપરાંત અમિત શાહ, જીજ્ઞેશ મેવાણી, સિધ્ધાર્થ પટેલ, જયનારાયણ વ્યાસ, શંકરસિંહ વાઘેલા, હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર વગેરેએ પણ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. નાણામંત્રી અરૂણ જેટલીએ વેજલપુર ખાતે મતદાન કર્યુ હતુ. દરમિયાન પીએમ મોદી આચારસંહિતાના કથિત ઉલ્લંઘનને લઈને કોંગ્રેસના નિશાના ઉપર આવી ગયા છે. તેઓ મતદાન કરવા રાણીપના બુથ સુધી ગયા હતા જે દરમિયાન રસ્તાઓ પર ઉભેલા લોકોએ તેમનુ અભિવાદન કર્યુ હતુ જેને કોંગ્રેસે રોડ-શો નામ આપી આચારસંહિતાના ઉલ્લંઘનનો આરોપ મુકયો હતો અને ચૂંટણી પંચને કઠપુતળી કહી આડે હાથ લીધુ હતુ. કોંગ્રેસના નેતા સુરજેવાલાએ કહ્યુ છે કે, ગુજરાતમાં ચૂંટણી પંચે તમામ જવાબદારીઓ ખંખેરી નાખી છે. ગુજરાતમાં મોદીની ડુબતી નાવને કઠપુતળી બની ચુકેલા ચૂંટણી પંચનો સહારો લેવામાં આવી રહ્યો છે. ચૂંટણી પંચના સહારે પીએમ મોદી રોડ-શો કરી રહ્યા છે અને પંચ આંખ બંધ કરીને બેઠુ છે. કોંગ્રેસે કહ્યુ છે કે ચૂંટણી પંચના માપદંડ અમારે માટે જુદા અને ભાજપ માટે પણ જુદા છે. જાણકારોના મત મુજબ ઓછું મતદાન ભાજપ માટે ચિંતાનું કારણ બની શકે છે. જોકે કોંગ્રેસ પણ ઓછા મતદાનથી ચિંતિત થઈ શકે છે. પહેલા તબક્કામાં ઓછું એટલે કે મતદાનનો આંકડો ૭૦ ટકા સુધી ન પહોંચતાં ભાજપમાં ચિંતા વ્યાપી હતી. બપોરે ચાર વાગ્યા સુધીમાં મતદાનની ટકાવારી ૫૭ ટકાને પાર નીકળી ગઈ હતી.

## બીજા તબક્કાનું મતદાન : ઠેર-ઠેર ઈવીએમમાં ખામી, લોકોમાં આક્રોશ

ગાંધીનગર , ૧૪

રાજ્યમાં બીજા તબક્કામાં જ્યારે મતદાન યોજાઈ રહ્યું છે ત્યારે અનેક જગ્યાઓએ ઈવીએમ મશીનમાં ખામી સર્જાયાની ફરીયાદો સામે આવી છે. જાણો ક્યાં ક્યાં મતદાન મથક પર EVM મશીનો પર ખામી સર્જાઈ.

– પાટણમાં ઈવીએમ મશીનમાં મતદાન અગાઉ ખામી
– આનંદ પ્રકાશ હાઈસ્કુલ બુથ-૧૫૮ પર સર્જાઈ ખામી
– મહેસાણમાં ખેરાલુના કન્યાશાળામાં મતદાન મથકે ઈવીએમ ખોટકાયુ
– અંબાજીમાં એક બુથ પર ઈવીએમમાં ખામી સર્જાઈ
– તલોદના પુંસરી ગામે ઈવીએમ ખોટકાયું
– નવાનગર પ્રાથમિક શાળા બુથમાં ઈફસ ખોટકાયું
– સાબરકાંઠાના પુંસરી ગામે ઈફસ્માં ખામી સર્જાઈ
– ઈફસ્માં ખામી સર્જાતા મતદાન પ્રક્રિયા અટકી
– કાંકરી ગામના મથકે ઈવીએમ ખોરવાયું
– ખેરાલુના મલારપુર બુથમાં ઈફસ મશીનમાં ખામી
– વડનગર ખાતે મતદાન મથકમાં ઈફસ ખોટકાયું
– અરવલ્લીમાં ૨ ઈવીએમ મશીનો ખોટકાયા
– ધનસુરાના શિકા નંબર-૨ બુથ પર ઈફસ્માં ખામી
– મોડાસાના ઝાલોદરમાં પણ ઈફસ ખોટકાયું
– રાવપુરાના સમામાં પ્રશંશા વિદ્યાલયમાં ઈફસ મશીન ખોરવાયું
– મોડાસાના ઝાલોદરમાં પણ ઈફસ ખોટકાયું
– પાટણની આદર્શ પ્રકાશ હાઈસ્કુલમાં ઈફસ મશીન ખોટકાયું
– ખેરાલુના ડભોડા ગામે બે ઈફસ મશીન ખોટકાયા
– હિંમતનગરની જૈનાચાર્ય વિદ્યાલયમાં ૧ ઈવીએમ ખોકાયું
– મહેસાણાના ખેરાલુના મલારપુર બુથ પર ઈફસ્માં ખામી
– ઈડરના માનગઢમાં ઈવીએમ બદલવામાં આવ્યું
– ખેડબ્રહ્માના કોલન અને કોટડા ગામના બુથ પર ઈવીએમ ખોટકાયું
– ધારાસભ્ય અશ્વિન કોટવાલએ ચુંટણી અધિકારીને ફરીયાદ કરી
– વડોદરા મેવલી ગામે બુથ નંબર ૧નું ૮૩ નંબરનું ઈવીએમમાં ખામી સર્જાઈ
– ઉંઝાના વિસોળ ગામે ઈવીએમ ખોટવાયું
– વિદ્યાનગરની નલીની કોલેજના મતદાન મથક પર EVM મશીન ખોટકાયું
– અરવલ્લી બાયડમાં ઈવીએમ મશીનમાં ગડબડીનો કોંગ્રેસનો આક્ષેપ
– ૫ ગામોમાં મશીનમાં ગડબડી હોવાનો કોંગ્રેસનો આક્ષેપ
– કોંગ્રેસના ઉમેદવારનું બટન દબાતું ન હોવાનો આક્ષેપ
– ઉભરાણ, અજબપુરા, વજેપુરા, હેમદપુરા ગામના મશીનોમાં ગડબડીનો આક્ષેપ
– વડોદરાના છાલિયેર, રાસાવાડી, તાડીયાપુરા, મેવલી ગામે ઈફસ્માં ખામી સર્જાઈ
– મહેસાણા જિલ્લામાં મલારપુર ગામમા ઈફસ ખોરવાયું, મતદારોમાં રોષ
– મહેસાણાના સુદાસણા ગામના મતદાન મથક પર હોબાળો
- પંચમહાલ કલોલ ૧૩૭ નંબર બુથ પર મશીન ખોટકાયું
– મહેસાણાની બહુચરાજી બેઠકના ૩ બૂથો પર ઈવીએમમાં ખામી સર્જાઈ
– મીઠા બોરીયાવી, વડોસણ અને મગુના ગામે ઈફસ્માં ખાણી સર્જાઈ

3★9975 લક્ષ્મીકાન્ત ભટ્ટ સંચાલિત
4★14975 કોઈપણ પેકેજ કોઈપણ તારીખે એકજ કિંમત
5★19975 ડોમેસ્ટીક / ઈન્ટરનેશનલ પેકેજ
AC કાર / કોચ, બ્રેકફાસ્ટ, સાઈટસીન
દુબઈ દિ-૪ | થાઈલેન્ડ દિ-૬ | ગોવા દિ-૫
મલેશિયા દિ-૪ | મોરેશિયસ દિ-૪ | કેરાલા દિ-૫
માલદીવ દિ-૩ | સિંગાપોર દિ-૩ | હિમાચલ દિ-૫
આંદામાન દિ-૪ | બાલી દિ-૪ | સાઉથ દિ-૫
નોંધ : ટ્રેન ટીકીટ/એર ટીકીટ/વિઝા એકસ્ટ્રા
લિપિ ટુર્સ રાજમહેલ રોડ, નહેરુભવન સામે
૨૪૩૫૭૭૦- ૯૮૨૫૦૨૫૮૮૭

હોટલ
સહયોગ ઈન
હોટલ સહયોગ ઈનની
રહેવા માટે તેમજ જમવા
માટેની અદ્યતન સુવિધા
ફુલ ટાઈમ ગરમ નાસ્તો મળશે.

હોટલ
સહયોગ ઈન
કાઠીયાવાડી
સ્પે. જૈન ફુડ
પંજાબી થાળી
સાઉથ ઈન્ડીયન
ચાઈનીઝ । પાંઉભાજી
રહેવા માટે તેમજ જમવા માટે અદ્યતન સુવિધા
૨૪ I ૭ ફુલ ટાઈમ ગરમ નાસ્તો મળશે.

Time : 10.30am to 8.00pm
E-mail :- sanusoni_2277@yahoo.in
Sanjay Soni : 8733097393
ચાંદી, સોનાના અને ડાયમંડ (હીરા)ના દાગીના મળશે
DIAMOND JEWELLERY
Jagaao Vishwas Pyar ka, Paao Vishwas parivar ka
Shree Pursottamdas & Sons (BARWALA WALA)
1,Capital Maket, Shamal Bechar's Pole, M.G. Road, Vadodara-390 001.
E-mail :- sanusoni_2277@yahoo.in
Monday Closed
MFG.OF GOLD FANCY ORNAMENTS & ALSO AS PER YOUR REQUIREMENT

# મતદાન બાદ મોદીએ રોડ શો કરતાં કોંગ્રેસે ચૂંટણીપંચમાં ફરિયાદ કરી

અમદાવાદ, ૧૪

નરેન્દ્ર મોદીએ આજે રાણીપ ખાતે નિશાન સ્કૂલમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જ્યાં તેમણે કોમનમેનની જેમ લાઈનમાં ઉભા રહીને મતદાન કર્યું હતું. જોકે, મતદાન બાદ તેમણે ગાડીમાં સવાર થઈને રોડ શો કર્યો હતો. કોંગ્રેસે તેની સામે વાંધો ઉઠાવ્યો છે. કોંગ્રેસે મોદીના રોડ શોને લઈને ઈલેક્શન કમિશન સમક્ષ ફરિયાદ કરી છે. આ અંગે કોંગ્રેસના ગુજરાત પ્રભારી અશોક ગેહલોત દ્વારા પત્રકાર પરિષદ સંબોધવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે અમને મોદીના રોડ સામે વિરોધ છે. મોદીનો રોડ શો એ આચાર સંહિતાનો ભંગ છે. આ અંગે અમે ચૂંટણી પંચમાં ફરિયાદ દાખલ કરી છે. ઈલેક્શ કમિશને ફરિયાદ અંગે ત્વરિત કાર્યવાહી કરવાનો ખાતરી આપી છે. કોંગ્રેસના રણજીત સુરજેવાલાએ કહ્યું હતું કે, ચૂંટણી પંચ મોદીના ઈશારે કામ કરી રહ્યું છે. અમે જ્યારે તેમને ફરિયાદ અંગે પૂછ્યું ત્યારે એવો જવાબ મળ્યો કે સાંજે પાંચ વાગ્યા પછી જવાબ આપીશું. રણદીપ સુરજેવાલાએ સીધે સીધું પીએમ પર નિશાન સાંધ્યું. સુરજેવાલાએ કહ્યું કે પીએમ મોદીની હરકતો એ જ દર્શાવે છે કે તેઓ પ્રજાતાંત્રિક મૂલ્યોને તોડી કોઈપણ રીતે ગુજરાત ચૂંટણીને પ્રાસંગિક બનાવી રાખવા માંગે છે. ૨૨ વર્ષના કુશાસન બાદ ગુજરાતના લોકો પીએમને નકારી ચૂકયા છે. મોદીજીની ડૂબતી નાવને હવે ચૂંટણી પંચની કઠપૂતળીનો સહારો બચાવે છે. સી પ્લેનથી લઈ તમામ પ્રપંચ ખત્મ થઈ ગયા તો કઠપૂતળી ચૂંટણી પંચના માથા પર દાવ રમવામાં આવી રહ્યો છે.

# ગુજરાતમાં પરિવર્તનનું વાવાઝોડુ : સિદ્ધાર્થ પટેલ

વડોદરા, ૧૪



કોંગ્રેસના દિગ્ગજ નેતા સિદ્ધાર્થ પટેલે મતદાન કર્યા બાદ પત્રકારોને જણાવ્યુ કે ગુજરાતમાં પરિવર્તનનું વાવાઝોડુ ફૂંકાઈ રહ્યુ છે, પ્રથમ તબક્કામાં કોંગ્રેસ તરફી જોરદાર મતદાન થયા બાદ બીજા તબક્કામાં પણ અમારી તરફે મતદાન થઈ રહ્યુ છે : ગુજરાતમાં ૨૨ વર્ષના શાસનમાં જનતા હવે વાકેફ થઈ ગઈ છે, અને હવે સત્યની સાથે રહેવા માગે છે : જનતા કોંગ્રેસને જ સમર્થન આપશે તેવો મને વિશ્વાસ છે.

# જીતુભાઈ વાઘાણીના નામે સોશ્યલ મીડીયામાં ફરતા પત્રની ભારે ચર્ચા: ભાજપને ૭૪, કોંગ્રેસને ૧૧૩ બેઠકો મળતી હોવાનો ઉલ્લેખ

ગાંધીનગર, ૧૪

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કાનું મતદાન આજે થઇ રહ્યુ છે ત્યારે પ્રદેશ ભાજપ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીના નામે સોશ્યલ મીડીયામાં ફરી રહેલા પત્રએ ભારે ચર્ચા જગાવી છે. આ પત્રમાં કોંગ્રેસને ૧૧૩ બેઠક અને ભાજપને ૭૪ બેઠકો મળી શકે તેમ છે તેવો ઉલ્લેખ કર્યો છે. પત્રમાં જણાવ્યુ છે કે આદરણીય અમિતજી નમસ્કાર ગુજરાત ચૂંટણી અંતિમ તબક્કામાં છે ત્યારે તમામ રાજકીય પક્ષ ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત છે. મેં પ્રદેશ અધ્યક્ષ તરીકે અને તમામ સ્થાનિક કાર્યકર્તાઓએ પોતાની સંપુર્ણ તાકાત સાથે જવાબદારી નિભાવી છે પરંતુ ચૂંટણીના પ્રારંભથી જ ભાજપને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો. નર્મદા રથને જાકારો મળ્યો, આદિવાસી યાત્રાને સમર્થન ન મળ્યુ, આ બધી ઘટનાઓ બાદ જંબુસરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની સભામાં પણ ખુરશીઓ ખાલી જોવા મળી. ચૂંટણી પ્રચારમાં કોંગ્રેસને મળી રહેલા જનસમર્થનને તોડવુ ખુબ જ મુશ્કેલ છે. પાર્ટી લેવલે અમે આંતરિક લેવલે કેટલાક સર્વે કરાવ્યા છે. આ સર્વેના હિસાબે કોંગ્રેસને ભારે બહુમતી મળી શકે છે. આપણા સર્વે મુજબ કોંગ્રેસને ૧૧૩ અને ભાજપને ૭૪ બેઠકો મળી શકે છે. જેમાં ઉ.ગુજરાતમાં ભાજપને ૨૪, કોંગ્રેસને ૨૮, દ.ગુજરાત ભાજપને ૧૨, કોંગ્રેસને ૨૨, સૌરાષ્ટ્ર-કચ્છમાં ભાજપને ૧૮, કોંગ્રેસને ૪૧, મધ્ય ગુજરાતમાં ભાજપને ૨૦ અને કોંગ્રેસને ૨૨ બેઠક મળી કુલ ભાજપને ૭૪ અને કોંગ્રેસને ૧૧૩ બેઠકો મળશે તેમ પત્રમાં જીતુભાઈ વાઘાણીના નામથી ઉલ્લેખ થયો છે. જીતુભાઈ વાઘાણીના નામથી ફરી રહેલા પત્રમાં વધુમાં જણાવ્યુ છે કે, આ ઉપરાંત હાર્દિક પટેલ પટેલ અને પાટીદાર સમાજની અવગણના ભાજપને ભારે પડી રહી છે. પાટીદાર પ્રભાવિત વિસ્તારોમાં ભાજપના નેતાઓ માટે પ્રચારબંધી થઇ છે. ત્યારે આપણે પ્રચાર પધ્ધતી બદલવાની જરૂર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સભાઓમાં જનતા નથી આવતી, તે મોટી ચિંતાનો વિષય છે. આપની સાથે મુલાકાત થશે ત્યારે આ મામલે વિગતે ચર્ચા થશે તેમજ ભાજપના ચૂંટણી પ્રચારની પદ્ધતિ માટે તમારૂ માર્ગદર્શન જરૂરી છે.

# ધાનેરાના પારડીમાં ચૂંટણી કર્મચારી પર હુમલો: પાટણમાં લાઠી ચાર્જ

ગાંધીનગર, ૧૪

બીજા તબક્કાના મતદાનની શરૂઆતના પગલે બનાસકાંઠાના ધાનેરા ગામના ચારડી બૂથ મથક પર મારામારીનાં દૃશ્યો સર્જાયાં હતાં. સતલાસણા તાલુકાના મતદાન મથક પર પ્રિસાઈડિંગ ઓફિસરે મતદારને ધક્કો મારવાની ઘટનાને પગલે બુથ પર હાજર રહેલા મતદારોએ પ્રિસાઈડિંગ ઓફિસરને માર માર્યાની ઘટના બની હતી. ત્યાર બાદ મતદારોએ વધુ હોબાળો મચાવતા મતદાન થોડા સમય માટે સ્થગિત કરાયું હતું. પાટણના કલ્યાણપુર ગામે મતદારોને લાઈન કરાવવા બાબતે પીએસઆઈએ એક મતદારને લાઠી મારતાં ગ્રામજનોએ મતદાન બંધ કરાવ્યું હતું, જોકે પીએસઆઈએ માફી માગતાં પુનઃ મતદાન શરૂ થયું હતું. મતદાન શરૂ થયાના ગણતરીના સમયમાં જ 'પ્રથમ ગ્રાસે મક્ષિકા' જેવો ઘાટ કેટલાક મતદાન મથકો પર સર્જાયો હતો. પાલનપુર, ખેરાલુ, હિંમતનગર, તલોદ, બહુચરાજીના બોરીયાવી, વડોસણ, મગુના અને મહેસાણાના સતલાસણા સહિત અનેક જિલ્લાના અનેક સ્થળોએ ઈવીએમ ખોટવાઈ જતા મતદારો મૂંઝાયા હતા. પહેલા તબક્કાની ચૂંટણીના મતદાન દરમિયાન પણ ઈવીએમ ખોટવાયાની અનેક ફરિયાદો ઊઠી હતી. ઈવીએમ ખોટવાયા હોવાના કારણે મતદાન મોડું શરૂ થયું હોવાનું જાણવા મળે છે. આવાં બૂથો પર ઈવીએમ બદલવામાં આવ્યાં હતાં અને ત્યાર બાદ મતદાન શરૂ કરાતાં મતદાન કરવા આવેલા મતદારોને વધુ સમય સુધી લાઈનમાં ઊભા રહેવું પડયું હતું. જેના કારણે મતદારો લાઈનો પણ લાંબી થતા લોકોએ હોબાળો મચાવ્યો હતો. દાહોદમાં ભાજપના ઉપપ્રમુખની કાર ઉપર પથ્થરમારો થતાં દાહોદમાં તંગદિલીભર્યું વાતાવરણ સર્જાયું હતું. પાટણ, બોરસદ, પીપળી, વિદ્યાનગર, શહેરા, સાદરા, સુરેલી, કુમલાવ, સાબરકાંઠામાં ૭૦થી વધુ સ્થળે હિંમતનગર, વીરમગામ, ખેરાલુ, પાદરા, ધનસુરા, મોડાસા, તારાપુર, પાવી જેતપુર, સાવલી, સિદ્ધપુર, દાંતીવાડા, વાવ, ભિલોડા, પહાડપુર, વેજલપુર, ગાંધીનગર, પાવી જેતપુર વગેરે સ્થળોના એકથી ૧૦૦ જેટલી સંખ્યામાં અંદાજે કુલ ૨૦૦ જેટલા ઈવીએમ ખોટવાયા હતા. જેને તાત્કાલિક બદલવાની કામગીરી પંચે હાથ ધરવી પડી હતી.

# આનંદીબેને ઘાટલોડિયામાં મતદાન કર્યું, આ વખતે પણ ભાજપની સરકાર બનશે

અમદાવાદ, ૧૪

આજે ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં અમદાવાદ સહિત ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતની કુલ ૯૩ બેઠકો ઉપર સવારે ૮ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી બીજા તબક્કાનું મતદાન યોજાયું હતું. અમદાવાદના ઘાટલોડિયામાંથી ભૂતપૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે વોટીંગ કર્યું હતું. આનંદીબેને વોટીંગ કર્યા પછી કહ્યું કે આ વખતે ફરીથી ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાતમાં બનશે. જ્યારે તેમને પુછ્યું કે તમારા અત્યાર સુધી તમે અહીના ઉમેદવાર તરીકે તમારો ચહેરો હતો અને તમે જીતતા હતાં તો આ વખતે આ બેઠક પર કેવી અસર પડશે? તેના જવાબમા તેમણે કહ્યું કે આ વખતે આ ઉમેદવારને વધારે વોટ મળશે અને જીતશે. ઈવીએમ પર સવાલ કરતાં તેમણે જવાબ આપ્યો કે મેં જ્યાં મતદાન કર્યું છે ત્યાં જ ગયું છે પરંતુ કોંગ્રેસે વારંવાર હારી રહી છે તેનો જવાબ તેમને આમાંથી મળશે.

# વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસનો ૧૦૨ બેઠકમાં વિજય : વિસાવદરના જ્યોતિષીની આગાહી

વિસાવદર, ૧૪

અહીંના અગમ-નિગમ જ્યોતિષના જાણકાર કિરીટભાઇ બગથરીયાના મતે રાજકીય ભવિષ્ય જોતા હાલ ભારત દેશની કુંડલી વૃષભ લગ્ન ઉદીત થયેલ હોય કાલે સર્પયોગ ભારત લગ્ન કુંડલીમાં હોય તે અનુસાર ભારતીય જનતા પાર્ટીને હાલ ગુજરાતમાં રાજકીય નબળુ બતાવે છે. કોંગ્રેસ માટે જોતા ગુરૂમહારાજ હાલ તુલા ન્યાય પ્રિય રાશિમાં ભ્રમણ કરી રહ્યા છે. તે ગુરૂ કોંગ્રેસને નવમ પંચમ યોગ હોય વતા હાલ તા. ૨૬ ઓકટોમ્બ-૨૦૧૭ના ૧૫ કલાક ૨૫ મિનિટ શનીનું ધન રાશિમાં ભ્રમણ શરૂ થયું છે. ધન રાશિનો માલીક ગુરૂ ગ્રહ છે અને શનિ ગુરૂએક બીજા માટે અતી તટસ્થ હોય તેવું શાસ્ત્રોકત વિધાન હોવાથી ગુજરાતી ચૂંટણી કાલ સર્પ યોગમાં તા. ૯-૧૨-૧૭ના યોજાય વોટીંગ કાલ સર્પ યોગમાં થયું હોવાથી ચૂંટણીનું પરીણામ તા. ૧૮-૧૨-૨૦૧૭ના સોમવારે સોમવતી અમાસના છે. સત્તા અને તાશીરનો કારક ગ્રહ સૂર્ય તા. ૧૫ ડિસેમ્બર-૨૦૧૭થી એક માસ માટે શનિ મહારાજ સાથે ધન રાશી માં યુતિમાં આવતા પિતા પુત્ર બન્નેના સબંધ હોતા કોંગ્રેસને સપ્ટમેશ સ્થાનમાં આવવાથી કોંગ્રેસને અતિ લાભ કરાવશે. ચૂંટણી યોજાય તા. ૯-૧૨-૨૦૧૭ શનિવારના ત્યારે નક્ષત્ર મઘા હોય તેની રાશી સિંહ હોય તેથી સિંહની ગર્જના, નક્ષત્ર મોર પક્ષી હોય તેથી મોરના ટહુકારા સાથે કોંગ્રેસ વિજય થશે. અને ભાજપ માટે ચૂટણી પરીણામ તા. ૧૮-૧૨-૨૦૧૭ સોમવારના મુળ નક્ષત્ર હોતા તેનું પક્ષી કુકડો છે. કોંગ્રેસ માટે વિધાનસભાની કુલ સીટો ૧૮૨ માંથી ૧૦૨ વિજય થશે. તેમ જયોતિષી કિરીટભાઇ બગથરીયાએ જણાવ્યું છે.

# શંકરસિંહ વાઘેલાએ કર્યું મતદાન, કહ્યું ભાજપ-કોંગ્રેસ હારે તેવું ના કહી શકું

ગાંધીનગર, ૧૪

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કામાં શંકરસિંહ વાઘેલાએ મતદાન કર્યુ છે. શંકરસિંહ વાઘેલાએ ગાંધીનગરના વારણ ગામમાં મતદાન કર્યુ. આ દરમિયાન શંકરસિંહે પ્રતિક્રિયા આપી છે કે, ગુજરાતનુ ભવિષ્ય ઈફસ્માં સીલ થઈ રહ્યુ છે. આ લડાઈ ભાજપ કોંગ્રેસ કરતા મતદારો કરતા ગુજરાતની જનતાને પોતાના ભવિષ્યનુ એક નવુ નિર્માણ કરવાની તક છે. ત્યારબાદ તેમણે કહ્યુ, ચૂંટણીના સમયે દારૂ પીધેલા નેતાઓ પકડાઈ રહ્યા છે. અને તે ખુબ જ શરમજનક વાત છે. શંકરસિહે કહ્યું કે, હારજીત તો થતી રહે, મતદારો ભવિષ્યનો વિચાર કરે. તેમણે કહ્યું કે, બીજેપી અને કોંગ્રેસ હારે તેવું મારાથી નામ ન લેવાય.

# વિદ્યાનગર રોડ પર ભાજપ યુવા મોરચાના મહામંત્રીની કાર પર તોડફોડ

આણંદ, ૧૪

આણંદ-વિદ્યાનગર રોડ પર ભાજપ યુવા મોરચાના ગુજરાત પ્રદેશ મહામંત્રીની કાર પર ચારથી પાંચ અજાણ્યા શખ્સોએ બુધવારે મોડી રાત્રે તોડફોડ કરી અગત્યના દસ્તાવેજની લૂંટ આચરી હતી. જે સંદર્ભે વિદ્યાનગર પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. આ અંગેની પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, ભાજપ યુવા મોરચાના ગુજરાત પ્રદેશ મહામંત્રી પિંકલ ભાટીયા તેમજ ભાજપના અન્ય કાર્યકરો તેમના ડ્રાઈવર યોગેશભાઈ ધોબી (રહે. ભાલેજ) સાથે બુધવારે ચૂંટણીના કામ અર્થે મહેમદાવાદ ગયા હતા. દરમિયાન, મોડી રાત્રે તેઓ મહેમદાવાદથી વિદ્યાનગર પરત આવી રહ્યા હતા. બધા કાર્યકરોને ઘરે મૂક્યા બાદ વિદ્યાનગર રોડ પરથી પરત ઘર તરફ ચાલક યોગેશભાઈ જઈ રહ્યા હતા ત્યારે એ સમયે આણંદ-વિદ્યાનગર રોડ પર ચારથી પાંચ અજાણ્યા શખ્સોએ તેમની કારનો પીછો કર્યો હતો. તેમણે કારને અટકાવી હતી અને તેમની કારમાં તોડફોડ કરી અગત્યના દસ્તાવેજની લૂંટ આચરી ફરાર થઈ ગયા હતા. આ સંદર્ભે ભયભીત થયેલા યોગેશભાઈ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# ચૂંટણી ભાજપ અને પ્રજા વચ્ચે છે, કોંગ્રેસને ૧૧૫ બેઠક મળશે : ભરતસિંહ સોલંકી

બોરસદ, ૧૪

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં આજે સવારે મતદાન કર્યા બાદ કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, આ ચૂંટણી ભારતીય જનતા પાર્ટી અને પ્રજા વચ્ચેની છે. મતદાન કર્યા બાદ ખુશીની લાગણી વ્યક્ત કરતા ભરતસિંહે વધુમાં કહ્યું હતું કે, પ્રથમ તબક્કામાં થયેલા મતદાનમાં કોંગ્રેસને ૫૫ બેઠક મળશે. તથા હાલ ચાલી રહેલા બીજા તબક્કાના મતદાનમાં કોંગ્રેસને ૬૦ બેઠકો મળશે. આમ એકંદર ચૂંટણીમાં કોંગ્રેસને ૧૧૫ બેઠક મળવાની આશા તેમણે વ્યક્ત કરી હતી. નવસર્જન ગુજરાત માટે વધુમાં વધુ મતદારોને મતદાનની પવિત્ર ફરજ અદા કરવાની અપિલ કરતા તેમણે આગામી ૧૮ મી એ જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

# આણંદમાં બે જૂથો વચ્ચે પથ્થરમારો, ન.પા. પ્રમુખના પતિને ગંભીર ઈજા

આણંદ, ૧૪

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કાનું મતદાન આણંદ ખાતે થઈ રહ્યું છે. જોકે મતદાન દરમિયાન શહેરમાં બે જૂથો વચ્ચે પથ્થરમારો થયો હતો. જેમાં અનેક વાહનોમાં તોડફોડ કરવામાં આવી છે, આ સમગ્ર ઘટનામાં નગરપાલિકા પ્રમુખના પતિ પીસી પટેલને ગંભીર ઈજાઓ પહોંચી છે. બીજી તરફ આ ઘટના બાદ અન્ય એક સ્થળે બોગસ મતદાન થઈ રહ્યું હોવાની ફરિયાદ કરી બબાલ કરવામાં આવી હોવાનો મામલો પણ પ્રકાશમાં આવ્યો છે. બનાવ અંગે મળતી માહિતી અનુસાર આણંદ શહેરની મધ્યમાં આવેલા મોટા અળદ વિસ્તારમાં આજે બપોરે બે કલાકે બે જૂથો વચ્ચે બબાલ થઈ હતી, મામલો ઉગ્ર બની ગયો હતો અને વાત પથ્થરમારા સુધી પહોંચી ગઈ હતી. આ ઘટના બનવા પાછળનું કારણ એક જૂથ દ્વારા પહેલાં મતદાન કરવામાં આવ્યું હતું અને બાદમાં બપોર પછી મતદાન કરવા જઈ રહેલા બીજા જૂથને મતદાન કરતા અટકાવવાની બાબતને માનવામાં આવી રહી છે. મામલાની ગંભીરતા જોઈ શહેર અને જિલ્લા પોલીસ, આરીપએફની ટૂકડી ઘટના સ્થળે પહોંચી હતી અને મામલો થાળે પાડ્યો હતો. સમગ્ર બનાવ દરમિયાન બન્ને જૂથો દ્વારા પત્રકારોને પણ નિશાન બનાવવામાં આવ્યા હતા. બનાવના પગલે નાની અળદ મતદાન મથક ખાતે અડધા કલાક સુધી મતદાન પ્રક્રિયા અટકાવી દેવામાં આવી હતી અને કોઈ ચહલ પહલ જોવા મળી નહોતી. આ બનાવ બાદ જ શહેરની ટીએન હાઈસ્કૂલ ખાતે અજાણ્યા શખ્સો પહોંચ્યા હતા અને બોગસ મતદાન થઈ રહ્યું હોવાનું જણાવી માથાકૂટ કરતા મામલો ઉગ્ર બન્યો હતો.

# વિરમગામ વિધાનસભા મત વિસ્તારમાં દિવ્યાંગ મતદારો માટે વ્હીલચેર અને સહાયકોની વ્યવસ્થા કરવામાં આવી

વિરમગામ, ૧૪



મહત્તમ મતદારો ગુજરાત રાજ્યની વિધાનસભાની ચુટણીમાં મતદાન કરી શકે તેના માટે ચુટણી પંચ સહિત વિવિધ સરકારી વિભાગો દ્વારા સતત ચિંતા કરવામાં આવી હતી. ગુજરાત વિધાનસભાની ચુટણીના બીજા તબક્કા અંતર્ગત ૩૯ વિરમગામ વિધાનસભા મત વિસ્તારમાં દિવ્યાંગ મતદારો માટે વ્હિલચેર અને સહાયકોની આરોગ્ય વિભાગ દ્વારા વ્યવસ્થા કરવામાં આવી હતી અને આરોગ્ય વિભાગના કર્મચારીઓએ દિવ્યાંગ મતદારો મહત્તમ મતદાન કરે તે માટે મદદરૂપ બન્યા હતા. તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલાના માર્ગદર્શન મુજબ ૩૯ વિરમગામ વિધાનસભા મત વિસ્તારમાં વ્હિલચેરની જરૂરીયાતવાળા ૪૪ દિવ્યાંગ મતદાતાઓએ આરોગ્ય વિભાગના કર્મચારીઓની મદદથી મતદાન મથક સુધી પહોચીને મતાધીકારનો ઉપયોગ કર્યો હતો. જ્યારે ૧૧૧ દિવ્યાંગ મતદાતાઓએ સહાયકની મદદ લઈને મતદાન મથક પહોચીને મત આપ્યો હતો. આ ઉપરાંત ઉંમરના કારણે ચાલવામાં તકલીફ પડતી હોય, ઢીંચણની તકલીફ હોય કે અન્ય તકલીફ વાળા ૨૦૯ મતદારોને આરોગ્ય વિભાગ દ્વારા મતાધીકારનો ઉપયોગ કરવા માટે સહાયતા પુરી પાડી હતી.

# એલ કે અડવાણીએ ખાનપુરમાં અને માધવસિંહ સોલંકીએ બોરસદથી કર્યુ મતદાન

અમદાવાદ, ૧૪

રાજ્યની વિધાનસભાની ચૂંટણીનું બીજા તબક્કાનું મતદાન યોજવામાં આવ્યું છે. ત્યારે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ દ્વારા મતદાન કરવામાં આવ્યું છે. ત્યારે ભાજપના દિગ્ગજ નેતાઓ અને પૂર્વ પ્રધાનમંત્રી લાલકૃષ્ણ અડવાણીએ ખાનપુર ખાતે મતદાન કર્યું હતુ. આ દરમિયાન લાલકૃષ્ણ અડવાણીએ લોકોને મત આપવા માટે પણ અપીલ કરી હતી. ભાજપના વરિષ્ઠ નેતાઓ ગુજરાતમાં ભાજપની જીતનો વિશ્વાસ વ્યકત કર્યો હતો. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીના પિતા અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીએ બોરસદથી મતદાન કર્યું. મતદાન બાદ માધવસિંહ સોલંકીએ કહ્યું કે જનતાને એક થઈને પ્રજાએ દેશના વિકાસ માટે મત આપવું જોઈએ. ઉલ્લેખનીય છે કે રાજ્યમાં બીજા તબક્કાનું શાંતિપૂર્ણ મતદાન ચાલી રહ્યું છે.

# નવી સરકાર બને અને યુવાનોને રોજગાર મળે તેવી આશા : તોગડિયા

અમદાવાદ, ૧૪

વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ પ્રવિણ તોગડિયાએ આજે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં મતદાન કર્યું હતું. મતદાન સમયે મીડિયા સાથે વાત કરતા પ્રવિણ તોગડિયાએ કહ્યું હતું કે મતદાન કરવું આપણો અધિકાર છે. આશા રાખીએ કે નવી સરકાર બને ત્યાર બાદ ગુજરાતના લાખો યુવાનોને રોજગાર મળશે, ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળશે, બંધ પડેલા ૪૪ હજાર જેટલા નાના ઉદ્યોગો શરુ થશે, ગેસ સિલિન્ડિરના ભાવ ઘટે. પ્રથમ તબક્કામાં ૩ થી ૪ ટકા જેટલુ મતદાન ઓછું થયુ તે ચિંતાનો વિષય છે. આશા રાખીએ કે બીજા તબક્કામાં સારુ મતદાન થાય. પત્રકારોએ પ્રવિણ તોગડિયાને સવાલ કર્યો હતો કે લોકો આ વખતે ક્યા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને મતદાન કરશે? જેના જવાબમાં પ્રવિણ તોગડિયાએ કહ્યું હતું કે લોકોને રોજગારી મળે, મોંઘવારી ઓછી થાય, નાના ઉદ્યોગો ચાલુ થાય, ખેડૂતોને સારા ભાવ મળે આ મુદ્દાઓ પર મતદાન કરવું જોઈએ અને આ મુદ્દાઓ પર મતદાન થાય તો રાજકીય પક્ષો પર દબાણ આવે કે સત્તામાં આવ્યા પછી લોકોને રોજગાર પણ આપવો જોઈએ, મોંઘવારી ઓછી કરવી જોઈએ, ખેડૂતોને પોષણક્ષમ ભાવ આપવા જોઈએ. આ મુદ્દે જ લોકોએ મતદાન કરવું જોઈએ. પત્રકારોએ જ્યારે પ્રવિણ તોગડિયાએ પુછ્યુ કે આ વખતની ચૂંટણીમાં લોકોના મુદ્દાને બદલે બીજા મુદ્દાઓ ચર્ચાયા છે તેવુ તમને નથી લાગતુ? જેના જવાબમાં તોગડિયાએ કહ્યું હતું કે ચૂંટણીમાં લોકોના વિકાસ માટેના મુદ્દાઓ ચર્ચાવા જોઈતા હતા પણ વચ્ચે બીજા મુદ્દાઓ આવી ગયા અને લોકોના મુદ્દાઓ પાછળ જતા રહ્યાં. પરંતુ લોકોને રોજગારી કઈ રીતે આપશો, મોંઘવારી કેવી રીતે ઘટાડશો, ખેડૂતોને પોષણક્ષમ ભાવ કેવી રીતે આપશો તેના મુદ્દાઓ પર જ ચૂંટણી લડાવી જોઈએ તો જ સત્તા પર આવ્યા પછી રાજકીય પક્ષો પર લોક કલ્યાણના કામ કરવાનું દબાણ રહે.

# જૂઓ ફિલ્મ મુબારકાનું વર્લ્ડ ટેલેવિઝન પ્રિમિયર ૨૩ ડિસેમ્બરના રોજ રાત્રે ૮-૦૦ કલાકે, ફક્ત સોની મેક્સ પર

વડોદરા, ૧૪

સોની પિક્ચર્સ નેટવર્ક્સની હિંદી ફિલ્મોની પ્રનુખ ચેનલ સોની મેક્સ ક્રિસમસનો આનંદ બમણો કરવા માટે પોતાના દર્શકોને ૨૦૧૭ની રોમાંટિક કોમેડી મુબારકાથી ખુશ કરવા જઈ રહ્યું છે. કોમેડીના કિંગ તરીકે જાણકાર, અનીસ બઝમી દ્વારા ડાયરેક્ટ કરવામાં આવેલ આ ફિલ્મ ૨૩ ડિસેમ્બરના રોજ રાત્રે ૮-૦૦ કલાકે દર્શાવવામાં આવશે. આ ફિલ્મની કહાની બે ભાઈઓ- કરણ અને ચરણના ચક્કરદાર લગ્નથી જોડાયેલ છે, ઘણા મોટા સિતારાઓવાળી આ ફિલ્મમાં કાકા અનિલ કપૂર અને ભત્રીજો અર્જુન કપૂર પ્રથમ વાર એક સાથે જોવા મળ્યા. કરણ અને ચરણ જુડવા ભાઈ છે. આ ડબલ રોલ અર્જુન કપૂરે નિભાવ્યો છે. આ બન્ને જુડવા ભાઈઓની પર્સનાલિટી એક બીજીથી એકદમ અલગ છે. કરણ લંડનમાં ભણેલ-ગણેલ છે અને ચરણ પંજાબમાં. કરણને સ્વીટી (ઈલિયાના ડિક્રુઝ) સાથે પ્રેમ છે. ચરણને નફીસા (નેહા શર્મા) સાથે પ્રેમ છે. કરણના પરિવાર વાળા તેના લગ્ન લંડનના સૌથી અમિર પરિવારો માંથી એક ની દીકરી બિંકલ (અથિયા શેટ્ટી)ની સાથે નક્કી કરી દે છે. જલ્દી જ સમસ્યા શરૂ થી જાય છે, કારણકે કરણ પોતાના પરિવાર વાળાને આ સંબંધ ચરણ સાથે કરવા માટે મનાવી લે છે. આમ થવાથી ચરણ સિવાયના બંને પરિવારો ખુશ છે, કારણકે ચરણ તો નફીસા સાથે લગ્ન કરવા માંગે છે. અનિલ કપૂર કહે છે કે, મુબારકા અનિલ બઝમી દ્વારા બનાવવામાં આવેલ સૌથી ફાસ્ટ ફિલ્મ છે. અમે લંડનમાં આ ફિલ્મનું શૂટિંગ ૬ મહિનામાં પૂર્ણ કરી દીધું હતું અને ફિલ્મ રિલિઝ માટે તૈયાર થઈ ગઈ.આ ફિલ્મ માં મારું કેરેક્ટર એક બેચલર અંકલ કરતાર સિંહનું છે, જેને પરિવારમાં બધાનો પ્રેમ પ્રાપ્ત થયેલ છે, નાના- મોટા સૌ ખૂબ ચાહે છે. આ ખૂબ વિચારેલ અને સમજીને સુંદર રીતે લખેલ કેરેક્ટર છે, જે મેં પહેલા કયારેય પણ નિભાવ્યું નથી. આ પહેલા મેં ક્યારેય પણ પૂરા શીખની ભૂમિકા કોઈ ફિલ્મમાં ભજવેલ નથી. એટલે જ મને થોડો ડર હતો કે હું આ કેવી રીતે નિભાવી શકીશ. ઘણા મોટા માનચીન આર્ટિસ્ટ આ પહેલા શીખની ભૂમિકા નિભાવી ચૂક્યા છે. હું ભાગ્યશાળી હતો કે મને બ્રિટિશ એશિયન સરદારની ભૂમિકા નિભાવવાની હતી, જે આ પહેલા કોઈ ફિલ્મમાં નથી આવ્યું.

# એમટીવી લવ ઓન ધ રન સાથે અસલ પ્રેમની શકિત પ્રદર્શિત કરે છે

વડોદરા, ૧૪




અસલી પ્રેમમાં દરેક પ્રકારના અવરોધોને પાર કરવાની શક્તિ હોય છે એવું કહેવાય છે. જોકે તમારો પોતાનો પરિવાર અને સમાજ અવરોધ બને ત્યારે શું થઈ શકે? જો તમારી જાતિ, વર્ણ અને ધર્મ તમારા પ્રેમની આડમાં આવે તો? શું આવા પ્રકારની પ્રેમકથાઓ બધા સામાજિક દૂષણો સામે જીતી શકશે? પ્રેમની શક્તિને સલામ કરતાં એમટીવી નવી ફિકશન સિરીઝ લન ઓન ધ રન લાવી રહી છે, જે પાગલપંતી અને યુવા પ્રેમની લગનીની ઉજવણી કરશે, જે પ્રેમીઓને બધી સમસ્યા સામે એકબીજાની પડખે રહેવાનું સાહસ આપે છે. ડાન્સરમાંથી અભિનેતા બનેલા શાંતનુ મહેશ્વરી દ્વારા હોસ્ટેડ આ એક કલાકના સાપ્તાહિક ફિકશન શો ૧૭મી ડિસેમ્બર, ૨૦૧૭થી દર રવિવારે સાંજે ૭ વાગ્યાથી ફક્ત એમટીવી પરથી પ્રસારિત થશે. અસલ જીવનની વારતાઓથી પ્રેરિત લવ ઓન ધ રન પ્રેમઘેલાં પરંતુ સામાજિક અવરોધો તેમની સામે ઊભાં રહ્યાં તેવાં યુગલોના સાહસિક અને સીમારેખાના ઘેલા જીવનની સેર કરાવે છે. શો યુવાનો જ્યારે પ્રેમમાં હોય અને એકબીજા વિના રહી શકતા નહીં હોય ત્યારે અવરોધ પેદા કરતી આપણા સમાજની શયતાની પ્રણાલીને આલેખિત કરે છે. દર્શકોને યુવા પ્રેમનું પરિપ્રેક્ષ્ય આપતાં શોનો હોસ્ટ શાંતનુ મહેશ્વરી આપણા સમાજમાં હજુ પણ પ્રવર્તમાન જૂની ઘરેડની વિચારધારા સામે પ્રશ્ન કરે છે. લન ઓન ધ રનના લોન્ચ પર બોલતાં વાયાકોમ ૧૮ના યુથ, મ્યુઝિક અને ઈન્ગ્લિશ એન્ટરટેઈનમેન્ટના હેડ ફેરઝાદ પાલિયાએ જણાવ્યું હતું કે સમાજ દ્વારા આજે પણ દેશના ઘણા બધા ભાગોમાં પ્રેમને મંજૂરી અપાતી નથી અને તેને ગુનો ગણવામાં આવે છે. આપણા દેશના પુખ્તોને તેમનો જીવનસાથી પસંદ કરવાનો મૂળભૂત હક પણ અપાતો નથી તે અત્યંત અફસોસજનક છે. બ્રાન્ડ તરીકે એમટીએ હંમેશાં માને છે કે બહાદુર બનવું જોઈએ અને બહાદુર હોય તેમને ટેકો આપવો જોઈએ. બ્રાન્ડ તરીકે અમે હંમેશાં આપણા દેશના યુવાનોનો મત રજૂ કર્યો છે. લન ઓન ધ રન સાથે અમે તેમના મત રજૂ કરીને અને તેમને તેમની પસંદગી માટે અલગ તરી આવવા માટે સશક્ત બનાવવા માટે એક પગલું ભર્યું છે. અસલ જીવનની વારતાઓથી પ્રેરિત લન ઓન ધ રનનું લક્ષ્ય આજના યુવાનો જેની સાથે પોતાને સાંકળે છે અને અસલ જીવનમાં લેણદેણ કરે છે તે મુદ્દાઓ અને ભાવનાઓને સ્પર્શવાનું છે. હોસ્ટ તરીકે પ્રથમ સાહસ વિશે બોલતાં શાંતનુ મહેશ્વરી કહે છે, અત્યંત પ્રગતિશીલ રાષ્ટ્ર છતાં પ્રેમ પર આપણે ત્યાં ઘણા બધા નિયંત્રણો છે તે નિરાશ કરનારી વાત છે. આપણા દેશમાં આવા પ્રકારના શયતાની વ્યવહારો આજે પણ પ્રવર્તમાન છે તે જાણીને દુઃખ થાય છે. લન ઓન ધ રન સમાજ સામે પ્રેમ માટે લડવાનું સાહસ બતાવતા અને પોતાના પ્રેમ માટે પરિવાર સામે પણ થતા તે બધા પ્રેમીઓને સલામી છે. મને આવા ઉત્તમ શો સાથે હોસ્ટ તરીકે શરૂઆત કરવાની ખુશી છે. શો હોસ્ટ કરવાનો આ મારો પહેલો પ્રયાસ છે અને મને આશા છે કે દર્શકો અને મારા શુભેચ્છકો આ નવા પ્રયાસમાં મારા કાર્યને બિરદાવશે. લન ઓન ધ રન ૧૦ પ્રેરણાત્મક અને નીડર વારતાઓ વર્ણવશે, જે જાતિ, વર્ણ અને ધર્મના અવરોધોને તોડે છે.










**વડોદરાના જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રીમતી પી. ભારતીએ ઓફિસર્સ કલબ ખાતેથી તથા લોકશાહી ના મહાન પર્વ માં વડોદરા ભાજપના ઉમેદવારો શહેરના વિધાનસભા ના ઉમેદવાર રાવપુરા ના રાજેન્દ્ર ત્રિવેદી, મનીષાબેન વકીલ, સાંસદ રંજનબેન ભટ્ટ, સયાજીગંજ ના જીતુભાઈ સુખડીયા, તથા સયાજીગંજ વિધાનસભાના કોંગ્રેસના ઉમેદવાર નરેન્દ્ર રાવત અને માંજલપુર વિધાનસભા ના ચિરાગ ઝવેરી એ સજોડે ઉત્સાહભેર મતદાન કર્યું.**

# વડોદરા : વાંકાનેરમાં મતદાન સમયે જૂથ અથડામણ : આગચંપી, પાંચ લોકો ઘાયલ

વડોદરા, ૧૪

સાવલી તાલુકાના વાંકાનેર ગામમાં પ્રેમ-પ્રકરણની જૂની અદાવતમાં બે જૂથ વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. રોષે ભરાયેલા ટોળાએ બે લારીઓની આગ ચાપી દીધી હતી. જૂથ અથડામણના પગલે ચૂંટણી માહોલમાં ઉત્તેજના વ્યાપી ગઇ હતી. આ ઘટનામાં બંને જૂથના પાંચ જેટલા વ્યક્તિઓને ઈજા પહોંચી હતી. આ ઘટનાને પગલે ગામ પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયું હતું. પ્રાપ્ત માહિતી પ્રમાણે વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના વાંકાનેર ગામમાં છ માસ પૂર્વે ગામના એક પરિવારની એક યુવતીને ગામનો જ એક યુવાન ભગાડી ગયો હતો. આજે આ યુવાન મતદાન કરવા માટે મતદાન મથકે પહોંચ્યો હતો. આ અંગેની જાણ યુવતીના પરિવારને તેઓ મતદાન મથકે પહોંચી ગયા હતા. અને યુવાનને માર માર્યો હતો. મતદાન મથક પાસે થયેલી મારામારીના પગલે દોડધામ મચી ગઈ હતી. આ દરમિયાન યુવાનને સામેના પક્ષના લોકોએ માર માર્યો હોવાની જાણ યુવકના પરિવારજનો થતાં સ્થળ પર દોડી ગયા હતા. અને યુવતીના પરિવારના ઘરે જઈ હુમલો કર્યો હતો. બાદમાં ગામની ભાગોળે આવેલી ચાર લારીઓ પૈકી બે લારીઓને સળગાવી દીધી હતી. અને બે લારીઓને ઉંધી પાડી દીધી હતી. પ્રેમ પ્રકરણમાં બનેલી આ ઘટનાને પગલે ગામમાં ઉત્તેજના વ્યાપી ગઈ હતી. મામલો ઉગ્ર સ્વરૂપ ધારણ કરે તે પહેલાં વાંકાનેર ગામમાં વધુ પોલીસ કાફલો બોલાવી લેવામાં આવ્યો હતો. આ ઘટનામાં બંને જૂથના પાંચ વ્યક્તિઓને ઈજાઓ પહોંચતા સાવલી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, આ ઘટનાને પગલે મતદાન ઉપર કોઈ અસર થઈ ન હતી. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મતદાન ચાલુ રહ્યું હતું. આ બનાવ બાદ વાંકાનેર ગામ પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયું હતું.





## વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૧૭

**જિલ્લો : વડોદરા**

તા: ૧૪/૧૨/૨૦૧૭ સમય: ૮ થી ૫ કલાક

| વિધાનસભા મતવિભાગનો નંબર અને નામ | મતદારો | | | | થયેલ મતદાન | | | | ટકાવારી | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુરૂષ | સ્ત્રી | ત્રીજી જાતિ | કુલ | પુરૂષ | સ્ત્રી | ત્રીજી જાતિ | કુલ | પુરૂષ | સ્ત્રી | ત્રીજી જાતિ | કુલ |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 |
| ૧૩૫ - સાવલી | 109648 | 102196 | 3 | **211847** | 86401 | 76902 | 0 | **163303** | 78.80% | 75.25% | 0.00% | **77.09%** |
| ૧૩૬ - વાઘોડીયા | 115221 | 106834 | 1 | **222056** | 90099 | 79721 | 0 | **169820** | 78.20% | 74.62% | 0.00% | **76.48%** |
| ૧૪૦ - ડભોઇ | 103875 | 97974 | 0 | **201849** | 84434 | 75422 | 0 | **159856** | 81.28% | 76.98% | 0.00% | **79.20%** |
| ૧૪૧ - વડોદરા શહેર (એસ.સી.) | 141535 | 132843 | 2 | **274380** | 98336 | 87225 | 1 | **185562** | 69.48% | 65.66% | 50.00% | **67.63%** |
| ૧૪૨ - સયાજીગંજ | 141282 | 131882 | 0 | **273164** | 96716 | 87260 | | **183976** | 68.46% | 66.17% | 0.00% | **67.35%** |
| ૧૪૩ - અકોટા | 126535 | 121120 | 29 | **247684** | 86170 | 79097 | 22 | **165289** | 68.10% | 65.30% | 75.86% | **66.73%** |
| ૧૪૪- રાવપુરા | 139452 | 133901 | 40 | **273393** | 92839 | 83185 | 28 | **176052** | 66.57% | 62.12% | 70.00% | **64.40%** |
| ૧૪૫ - માંજલપુર | 120737 | 111872 | 1 | **232610** | 82704 | 75647 | 0 | **158351** | 68.50% | 67.62% | 0.00% | **68.08%** |
| ૧૪૬ - પાદરા | 111966 | 103142 | 0 | **215108** | 89739 | 79862 | 0 | **169601** | 80.15% | 77.43% | 0.00% | **78.84%** |
| ૧૪૭ - કરજણ | 102338 | 95848 | 12 | **198198** | 80054 | 71521 | 3 | **151578** | 78.23% | 74.62% | 25.00% | **76.48%** |
| **કુલ** | **1212589** | **1137612** | **88** | **2350289** | **887492** | **795842** | **54** | **1683388** | **73.19%** | **69.96%** | **61.36%** | **71.62%** |

OWNER, PRINTER,PUBLISHER & EDITOR - POLRA YASINALI RAJEMADBHAI. PRINTED AT ADARSH PUBLICATION, 104 SARJAN APARTMENT, OPP KETAN APARTMENT, B/H CONVENT SCHOOL, FATEHGUNJ, VADODARA (GUJARAT) STATE AND PUBLISHED AT THE SAME PLACE, EDITOR : POLRA YASINALI RAJEMADBHAI. RNI NO.: GUJGUJ/2002/07143.*VOLUME : 14 , ISSUE : 342.*
માલિક, મુદ્રક, પ્રકાશક, અને તંત્રી : પોલરા યાસીનઅલી રાજેમદભાઈ જે દ્વારા મુદ્રણ સ્થાન આદર્શ પબ્લીકેશન, વડોદરા થી છાપી પ્રકાશન સ્થળ : આદર્શ પબ્લીકેશન, ૧૦૪ સર્જન એપાર્મેન્ટ કેતન એપાર્મેન્ટની સામે કોન્વેન્ટ સ્કૂલની પાછળ વડોદરા (ગુજરાત)થી પ્રકાશિત કર્યું. * તંત્રી : યાસીન પોલરા.

યથાર્થ દૈનિકમાં પ્રસિધ્ધ થતા તમામ સમાચાર, લેખો, કોઈ પણ જાતના પુર્વગ્રહ, અદાવત કે દ્વેષ ભાવના વગર જ જનહિતમાં પ્રકાશિત કરવામાં આવે છે. તેમ છતાં યથાર્થ દૈનિકમાં પ્રસિધ્ધ થયેલ કોઈ સમાચારથી અન્યાય થયો હોય તો તે બાબતના આધાર પુરાવા સાથે દિન-૭માં અમારા મુખ્ય કાર્યાલયમાં રૂબરૂ આવી લેખીતમાં ધ્યાન દોરવુ જેથી યોગ્ય કરી શકાય. માનહાનિ કે નુકસાની વગેરે માટે યથાર્થ દૈનિક સમાચાર પત્ર કે તેમને લગતા માલિક, મુદ્રક, અને પ્રકાશક તેમજ યથાર્થ દૈનિક સમાચાર પત્રના કોઈ કર્મચારીની જવાબદારી રહેશે નહી જેની નોંધ લેવી. કોઈપણ જાતનો વાદ-વિવાદ, હિસાબ બાબતે, સમાચાર બાબતે, જાહેરખબર, તકરાર કે કાનુની ગુંચ માટેનું કાર્યક્ષેત્ર વડોદરા રહેશે.